આઉટસોર્સથી નિમણુંવાળી ડેટા એન્ટ્રી ઓપરેટરોની ૨૭૨ જગ્યાઓની મુદ્દત વધુ ૧૧ માસ ચાલુ રાખવા બાબત

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/msm/e-file/૧૭/૨૦૨૨/૧૮૧૮/છ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૯/૦૭/૨૦૨૨

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૩/૦૮/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૧૯/૨૬૫૮૮૭/નબા/છ

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના તા.૨૧/૧૧/૨૦૨૦ નો પત્ર ક્રમાંક:- સસુખા/આઉટસોર્સ/૨૦૨૦/૮૭૧૯

**આમુખ:-**

વંચાણે લીધેલા ક્રમાંક(૧)ના ઠરાવથી વૃધ્ધ સહાય યોજનાના અમલ માટે મામલતદાર કચેરીઓ ખાતે મેન પાવર સપોર્ટ પુરો પાડવા નિયામક સમાજ સુરક્ષા ખાતાની કચેરીની ડેટા એન્ટ્રી ઓપરેટરોની ૨૭૨ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી મેળવવા માટે રૂ.૪૮૯.૬૦ લાખનો ખર્ચ કરવાની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. આ ઠરાવની શરતના મુદ્દા નં.(૧૧)ની જોગવાઈ મુજબ" ૧૧ માસ પછી આ જગ્યાઓની સેવાઓની જરૂર જણાયે પુન:મંજુરી મેળવી લેવાની રહેશે" આથી વંચાણે લીધેલા ક્રમાંક(૨)ના પત્રથી નિયામકશ્રી(સ.સુ.)એ ઉકત જગ્યાઓ આઉટસોર્સથી ભરવા પુન:મંજુરી આપવા વિનંતી કરેલ હતી. ડેટા એન્ટ્રી ઓપરેટરની આ હંગામી મેહકમની મુદ્દત વધુ ૧૧ માસ વધારવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે વૃધ્ધ સહાય યોજનાના અમલીકરણ માટે મામલતદાર કચેરીઓ ખાતે મેન પાવર સપોર્ટ પુરો પાડવા નિયામક, સમાજ સુરક્ષા ખાતાની ડેટા એન્ટ્રી ઓપરેટરની કુલ-૨૭૨ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી મેળવવા સદર હંગામી જગ્યાઓની મુદ્દત વધુ તા.૦૯/૦૬/૨૦૨૨ થી વધુ ૧૧ માસ માટે સરકાર માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવા માટે આથી મંજુરી આપવામાં આવે છે.

સદરહું મુદત પુર્ણ થયા બાદ આ જગ્યાઓની સેવાઓની જરૂરીયાત જણાય તો મંજુરી ની મુદત પુર્ણ થયા પહેલા નાણા વિભાગની મંજુરી મેળવી લેવાની રહેશે. ૧૧ માસ બાદ આ સેવાઓ નાણા વિભાગની પુર્વ મંજુરી મેળવ્યા સિવાય કોઈ પણ હિસાબે ચાલુ રાખી શકશે નહીં. વધુમાં જગ્યાઓની મુદ્દત વધારવા માટેની દરખાસ્ત ૨ માસ આગાઉ કરવાની રહેશે.

આ વિભાગના તા.૨૩/૦૮/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૧૯/૨૬૫૮૮૭/નબા/છમાં દર્શાવેલ અન્ય શરતો અને બોલીઓ યથાવત રહેશે તથા સદરહુ બાબત માટેનો ખર્ચ તા.૨૩/૦૮/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૧૯/૨૬૫૮૮૭/નબા/છમાં દર્શાવેલ સદર મુજબ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૦/૦૭/૨૦૨૨ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દ્રષ્ટિ શાહ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્યસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ(મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ(મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે મામલતદારશ્રીઓ(મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- એકાઉન્ટનન્ટ જનરલશ્રી ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ, (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છ- શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ